૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**પાટણના ત્રીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

( યુ.એસ.પરમાર. ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ

)૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**<u>ફોજદારી કેસ નંબર :– ૧૪૦૮/૧૭</u>**

**આંક :– ૪૬**

**ફરિયાદી** **:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** **:–** શેખ જાકીરહુશેન નાથુજી

**ગુનો :–** **<u>જુગારધારા કલમ</u> ૧૨ <u>મુજબ</u>....**

**// ઠ રા વ //**

આ કામે ફરીયાદી પક્ષના કેની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરીયાદમાં જણાવેલ સમયે અને સ્થળે પોતાના અંગત ફાયદા સારૂ પૈસાની હારજીતનો જુગાર રમતાં મળી આવતાં જુગારધારાની કલમ ૧૨ મુજબનો ગુનો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

આરોપીઓને અદાખલ સમક્ષ રજુ કરતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ભા.ફો.અ. ની કલમ ર૦૭ મુજબ પોલીસ પેપર્સ નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને ગુના અંગે પ્લી રેકર્ડ કરતાં તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકેત ન હોઈ તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે સહીથી કબુલાત પુરશીશ આપેલ છે.

આરોપીએ એવી રજુઆત કરેલ છે કે તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે, તેઓના ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી, હવે પછી કયારેય તેઓ કોલઈપણ પ્રકારનો ગુનો કરશે નહીં, તેઓ પોતાને સુધરવાની તક આપવા આજીજી કરે છે, જેથી દયાધાવ રાખી ઓછીસજા

કરવા અરજ ગુજારેલ છે, વધુમાં તમામ આરોપીઓએ 'નો' કલેઈમ' પુરશીશ આપેલ છે અને જણાવેલ છે કે સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેઓ કલેઈમ કરવા માગતાં નથી.

નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો તેમજ સદરહું ચુકાદાના પાના નંબર ૭૨૧ ના પેરા નં.૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુંટુંબ કબીલાવાળા છે અને તેઓ કુંટુંબના એક માત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂ છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવુ છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકિકતોને ધ્યાને લેતાં, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આ કામના આરોપીને જુગારધારાની કલમ ૧૨ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ મુદ્દામાલ કલેઈમ કરવા માંગતા નથી તે બાબતની પુરશીશ આપેલ હોઈ, અપીલ સમય બાદ મુદ્દામાલ રોકડ રકમ નિયમોનુસાર સરકાર ખાતે જમા કરવાનો તથા કબજે કરેલ જુગાર સાહિત્યનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૬ મી** માહે નવે**મ્બર,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૧૧/૨૦૨૧.
પાટણ.

**( યુ.એસ.પરમાર)**
ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ
જજ કોડ નં. જીજે ૦૧૧૬૦
સ્પેશ્યલ સીટીંગ